# ફ્લિપકાર્ટના બિગ બિલિયન ડેઝની 10મી આવૃતિમાં તે સમગ્ર ભારતમાં પૂરવઠા ચેઇનને મજબૂત કરીને ઇકોસિસ્ટમમાં પરિવર્તન લાવશે

- **ફ્લિપકાર્ટ સમગ્ર દેશના તેના પૂરવઠા ચેઇન, વિસ્તરીત ફૂલફિલમેન્ટ સેન્ટર્સ, શોર્ટેશન સેન્ટર અને ડિલિવરી હબમાં 1,00,000 જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરી ઉભી કરશે**
- **અમારા કિરાણા ડિલિવરી પ્રોગ્રામ દ્વારા તહેવારોની ઇવેન્ટ દરમિયાન 40 ટકા શિપમેન્ટ કરતા પણ વધુ ડિલિવર કરવાનું આયોજન છે**
- **તહેવારોની સિઝન દરમિયાન હજારો કામદારો માટે કૌશલ્ય અને પ્રશિક્ષણની તકો ઉભી કરવામાં આવી છે, જે દેશના છેવાડાના વિસ્તારોમાં પણ લાખો પેકેજ વિતરણ કરવા સમર્થ બનાવશે**

**બેંગ્લુરુ- 4થી સપ્ટેમ્બર**, 2023: ફ્લિપકાર્ટ, ભારતની હોમગ્રોન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ તેની વાર્ષિક મુખ્ય ઇવેન્ટ, ધ બિગ બિલિયન ડેઝ (ટીબીબીડી)ની 10 આવૃતિ માટે તૈયારી કરી રહ્યું છે. ચાલી રહેલા તહેવારોની સિઝનમાં ફ્લિપકાર્ટએ સમગ્ર ભારતના તેના પૂરવઠા ચેઇનમાં લાખો સિઝનલ નોકરી ઉભી કરીને લોકોની ભરતી કરી રહ્યા છે, જેથી તેઓ તહેવારોની સિઝન દરમિયાન ગ્રાહકોની માંગ રૂપી કરી શકે.

ફ્લિપકાર્ટની પૂરવઠા ચેઇન શ્રેષ્ઠતાનો પાયો તેના વૈવિધ્યસભર અને વ્યાપક વર્કફોર્સમાં રહેલો છે. તહેવારોની સિઝન પહેલા, ફૂલફિલમેન્ટ સેન્ટર્સ, શોર્ટેશન સેન્ટર અને ડિલિવરી હબ સહિતની પૂરવઠા ચેઇનમાં ફ્લિપકાર્ટ 1,00,000થી વધુ નવી નોકરી ઉભી કરશે. આ સિઝનલ નોકરીમાં સ્થાનિક કિરાણા ડિલિવરી પાર્ટનર, મહિલાઓ, વિકલાંક વ્યક્તિઓ (પીડબલ્યુડીસ) તથા અન્યનો સમાવેશ થાય છે, આમ વિવિધ પૂરવઠા ચેઇન પ્રતિભા માટે માર્ગ બનાવે છે. આ વર્ષે ફ્લિપકાર્ટએ તેના છેવાડાના વિતરણ હબ તથા મોટેપાયે ફૂલફિલમેન્ટ સેન્ટર્સની સાથે તેની પૂરવઠા ચેઇનને આગળ વધાર્યો છે, જેનાથી તે તેમના ટીયર-થ્રી શહેરો અને તેનાથી આગળના વિસ્તારો સુધીની પહોંચ મજબૂત બનાવે

છે. તેમને ઉત્તર પ્રદેશ, ગુજરાત, બિહાર, પંજાબ, રાજસ્થાન, તેલંગના અને અન્ય ઘણા રાજ્યોમાં 19 લાખ ચોરસ ફૂટથી વધુ જગ્યા ઉમેરી છે.

ગ્રાહકોને એક ખુશાલપૂર્ણ ગ્રાહક અનુભવ પૂરો પાડવા માટે, ફ્લિપકાર્ટએ તેની પૂરવઠા ચેઇનમાં જોડાયેલા કર્મચારીઓ માટે ફ્લિકાર્ટના તાલિમ પ્રોગ્રામ દ્વારા ખાસ કૌશલ્ય સંબંધિત પહેલ હાથ ધરી છે, જે સ્થાનિક રોજગારીને તથા અર્થતંત્રને નોંધપાત્ર રીતે વેગ આપશે. કામ પર રાખવામાં આવેલા દરેક કર્મચારીઓ પૂરવઠા ચેઇનની પ્રક્રિયા માટે તેમના સંબંધિત કાર્યો માટે તાલિમ લે છે અને કઇ રીતે હેન્ડ-હેલ્ડ ડિવાઇસ, પીઓએસ મશીન્સ, સ્કેનર્સ, વિવિધ મોબાઇલ એપ્લિકેશન્સ અને અન્ય કામગીરી કરવી તેની તાલિમ આપવામાં આવે છે. તેને પરિણામે, આ કર્મચારીઓ ટેક ડ્રિવન પૂરવઠા ચેઇન, ફૂડ ટેક અને અન્ય એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ભવિષ્યમાં કામ કરવા તૈયાર થાય છે.

હેમંત બદ્રી, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને હેડ ઓફ પૂરવઠા ચેઇન, ગ્રાહક અનુભવ અને રીકોમર્સ, ફ્લિપકાર્ટ જૂથ કહે છે, “ટીબીબીડીએ સ્કેલ, ભારત માટે નવીનતા અને ઇકોસિસ્ટમ પર અસર કરે છે. તે કરોડો નવા ગ્રાહકોને ઇ-કોમર્સના સારાપણાનો અનુભવ કરાવે છે, કેમકે તેમાંથી ઘણા લોકો તો પ્રથમ વખત ઇ-કોમર્સનો ઉપયોગ કરતા હોય છે. ટીબીબીડી દરમિયાન જટિલતા અને સ્કેલ અમારા માટે જરૂરી છે, કેમકે તેનાથી ક્ષમતા, સ્ટોરેજ, પ્લેસમેન્ટ, શોર્ટિંગ, પેકેજિંગ, હ્યુમન રિસોર્સિંગ, તાલિમ, ડિલિવરી સ્કેલઅપ થઇ શકે છે અને સમગ્ર પૂરવઠા ચેઇન તથા આ સ્કેલ હંમેશા અભૂતપૂર્વ બની રહે છે. આ વર્ષે અમારા પૂરવઠા ચેઇનમાં અમે એક લાખથી વધુ નવી નોકરીની તકો ઉભી કરીશું, જ્યારે અમે સમગ્ર દેશમાં અમારી ફૂટપ્રિન્ટ વધુ મજબૂત કરીને સારો ગ્રાહક અનુભવ પૂરો પાડવા માટે કૌશલ્ય પહેલમાં પણ રોકાણ કરી રહ્યા છીએ. આ વર્ષે, અમે અમારા કિરાણા ડિલિવરી પ્રોગ્રામ દ્વારા 40 ટકાથી વધુ શિપમેન્ટ ડિલિવર કરવાનું આયોજન કરી રહ્યા છીએ. કેમકે, અમે સતત અમારી પૂરવઠા ચેઇન ક્ષમતાને વિસ્તૃત કરવાનું ચાલું રાખીએ છીએ, અમારું લક્ષ્ય માત્ર અમારા ભાગીદારોની સમૃદ્ધિ વધારવાનો જ નથી, પણ ભારતના દૂરના ખૂણાઓમાં વિવિધ ઉત્પાદનોના અમારા ડિલિવરી સ્પેક્ટ્રમના વિસ્તરણમાં તેમના યોગદાનને વધારવાનો છે.”

આ તહેવારની સિઝન અને ધ બિગ બિલિયન ડેઝએ કિરાણા ડિલિવરી સહયોગી, વિક્રેતાઓ, એમએસએમઇસ, કલાકારો/વણકરો, વેરહાઉસ કર્મચારીઓ અને અન્ય ઘણા સહિત સમગ્ર ઇકોસિસ્ટમના વધારાના વિકાસ માટેના મુખ્ય ડ્રાઇવરો તરીકે ઉભા રહ્યા છે. જે તેમને દેશભરમાં વધેલા શિપમેન્ટ ડિલિવરીનો લાભ ઉઠાવવા, તેમની આવકમાં નોંધપાત્ર વધારો કરવા તથા પૂરવઠા ચેઇન ફ્રેમવર્કની અંદર સમૃદ્ધ બનવા સમર્થ બનાવે છે. તેમની પૂરવઠા ચેઇનની બહાદૂરીનો લાભ લઇને, ફ્લિપકાર્ટએ તેની મુખ્ય વાર્ષિક ઇવેન્ટની 10મી આવૃતિની પ્રભાવશાળી હાજરી સાથે ઉજવવા તૈયાર છે, જે સમગ્ર ઇ-કોમર્સ લેન્ડસ્કેપમાં પડઘો પાડે છે અને અસંખ્ય વ્યક્તિઓના જીવનને અસર કરે છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India’s leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, Flipkart Wholesale, Flipkart Health+, and Cleartrip.

Started in 2007, Flipkart has enabled millions of sellers, merchants, and small businesses to participate in India's digital commerce revolution. With a registered customer base of more than 450 million, Flipkart's marketplace offers over 150 million products across 80+ categories. Today, there are over 11 lakh sellers on the platform, including Shopsy sellers. With a focus on empowering and delighting every Indian by delivering value through technology and innovation, Flipkart has created lakhs of jobs in the ecosystem while empowering generations of entrepreneurs and MSMEs. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns, which are customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians.

For more information, please write to media@flipkart.com